
# જન્મદિને વધામણી



મનહરભાઈ સી શાહ
મો. ૯૭૧૪૩ ૯૦૧૮૧



સરોજબેન બી ગોહેલ
મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪



ભારતીબેન એચ પટેલ
ટ્રસ્ટી, હ્યુમન ફાઉન્ડેશન
મો. ૯૯૭૯૧ ૦૫૯૮૦



શ્રેયા સાધન બિશ્વાસ

## લલિતકલા અકાદમી આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરીના સહયોગથી

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે પેઈન્ટિંગ વર્કશોપ



ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધીનગરના સહયોગથી જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય, સેક્ટર-૭ ખાતે ૬થી ૧૪ વર્ષનાં બાળકો માટે પેઈન્ટિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૧ મેથી આરંભ થયેલો આ વર્કશોપ ૧૫ મે સુધી કાયમ રહેશે.

આ વર્કશોપમાં નિષ્ણાત તરીકે અમદાવાદના સૂરજ રામાવત પોતાની સેવાઓ આપી રહ્યા છે કે જેઓ માધ્યમિક શાળામાં ચિત્ર શિક્ષક છે અને હસ્તકલા, પેપર વર્કના બે હજાર ઉપરાંત વર્કશોપનું સંચાલન કરી ચૂક્યા છે. તેમની પ્રેરણાથી ૩૫ જેટલાં બાળકોને વિવિધ કક્ષાએ મેડલ્સ પણ પ્રાપ્ત થયા છે. તેઓ સમાજને સમર્પિત કલાકાર છે.

વર્કશોપમાં બાળકો વેસ્ટમાંથી બેસ્ટ ચીજવસ્તુઓ તૈયાર કરી રહ્યા છે. બાળકોને વર્કશોપમાં ભાગ લેવા બદલ સરકાર તરફથી સર્ટીફિકેટ એનાયત થશે ને તેમના દ્વારા પાંચ દિવસમાં બનાવવામાં આવેલાં ચિત્રોનું પ્રદર્શન પૂર્ણાહુતિ સમારોહમાં ૧૫ મેના રોજ સવારે ૧૦ કલાકે ગોઠવવામાં આવશે.

# મેડિકલમાં ૨૩૫ અને ડેન્ટલમાં ૨૮ જેટલી બેઠકો ખાલી પડી

ગાંધીનગર, તા. ૧૪

પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે ચાલતી કાર્યવાહીમાં બે રાઉન્ડ પુરા થાય બાદ તાજેતરમાં ઓફલાઈન રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યો હતો. જેના અંતે પી.જી.મેડિકલની ૨૦૭ અને ડેન્ટલની ૨૮ બેઠકો મળી કુલ ૨૩૫ બેઠકો ખાલી પડી હતી. આ ખાલી બેઠકો ભરવાની સત્તા કોલેજને સોંપી દેવામાં આવી છે..

પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય દિવસથી ઓનલાઈન કાર્યવાહી ચાલતી હતી. બે રાઉન્ડ પુરા થયા બાદ ત્રીજા રાઉન્ડમાં વિદ્યાર્થીઓને ઓફલાઈન પ્રમાણે બોલાવીને પ્રવેશ ફાળવવા સૂચના આપવામાં આવી હતી. જે પ્રમાણે તા.૧૦ અને ૧૧મી બે દિવસ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા તા.૧૫મી મે સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ કર્યો હતો. જેના અનુસંધાનમાં પ્રવેશ સમિતિએ તા.૧૩મીએ કાર્યવાહી પૂર્ણ જાહેર કરી દીધી છે. ઓફલાઈન રાઉન્ડ બાદ પી.જી.મેડિકલમાં ૨૦૭ અને ડેન્ટલમા ૨૮ બેઠકો ખાલી પડી હતી. મેડિકલમાં જે બેઠકો ખાલી પડી હતી તેમાં મુખ્યત્વે નોન ક્લિનિકલ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રવેશના નિયમ પ્રમાણે ખાલી પડનારી બેઠકો ભરવાની સત્તા કોલેજને સોંપી દેવામાં આવી છે. તા.૧૫મી સુધી એટલે બે દિવસમાં કોલેજો ઈચ્છે તો પોતાની ખાલી બેઠકો ભરી શકશે. આ ઉપરાંત ડિમ્ડ યુનિવર્સિટીઓની પ્રવેશ પ્રક્રિયા આગામી તા.૧૮મીથી ૨૬મી દરમિયાન કરવામાં આવે તેવી શકયતા છે. આમ, આખરે પી.જી.મેડિકલની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે સમિતિ દ્વારા મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

## આરટીઈના મુદ્દે હાઈકોર્ટમાં વધુ એક રિટ : સરકારને નોટિસ

# નર્સરી, જુનિયર, સિનિયર કેજીમાં કાયદા હેઠળ પ્રવેશની માગણી

ગાંધીનગર, તા. ૧૪

આરટીઈના કાયદાના અમલીકરણ સાથે જોડાયેલી વધુ એક રિટ પિટિશન હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થિત થઈ છે. જેમાં હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે રાજ્ય સરકારને નોટિસ પાઠવી આ કેસની વધુ સુનાવણી ૧૩મી જૂનના રોજ મુકરર કરી છે. આ કેસમાં અરજદારે એવી માગ કરી છે કે આરટીઈના કાયદા મુજબ ગરીબ વર્ગના બાળકોને નર્સરી, જુનિયર અને સિનીયર કે.જી.થી પ્રિ-પ્રાઈમરી શાળાઓમાં પ્રવેશ આપવો જોઈએ. કેસની સુનાવણીમાં હાઈકોર્ટે એવો પ્રશ્ન પણ કર્યો હતો કે, 'સરકાર આરટીઈના કાયદા હેઠળ પાંચ વર્ષના બાળકોને કયા આધારે પ્રવેશ આપે છે.'

આ સમગ્ર મામલે અરજદાર ચંદ્રવદન ધ્રુવે પાર્ટી ઈન પર્સન તરીકે રિટ કરીને એ મતલબના મુદ્દા ઉપસ્થિત કર્યા છે કે, 'રાજ્ય સરકાર આરટીઈ હેઠળ ધોરણ-૧થી બાળકોને પ્રવેશ આપે છે. જ્યારે કે ખરેખર કાયદાની જોગવાઈ મુજબ નર્સરીથી બાળકને પ્રવેશ મળવાપાત્ર છે. જો કે રાજ્ય સરકાર કાયદાની આ જોગવાઈનો અમલ કરતી નથી અને માહિતીના અભાવે શાળાઓ પણ તે મુજબ પ્રવેશ આપતી નથી.' વધુમાં એવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે કે, 'આરટીઈના કાયદામાં છથી ૧૪ વર્ષના આર્થિક રીતે નબળા અને ગરીબ બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. જો કે આધારભૂત શિક્ષણ ત્રણ વર્ષની ઉંમરે પ્રિ-સ્કૂલ હેઠળ આપવું જરૂરી છે. પ્રારંભિક શિક્ષા હેઠળ ૩થી ૬ વર્ષના બાળકોને તૈયાર કરવા માટે આ પ્રકારે શિક્ષણ આપવું જરૂરી છે. આ રીતે સરકાર કાયદાની જોગવાઈઓનો ભંગ કરી રહી છે. આ મામલે અરજદારે સરકારના વિવિધ વિભાગ સમક્ષ રજૂઆત પણ કરી હતી. પરંતુ તેમાં કોઈ કાર્યવાહી ના થતાં રિટ દાખલ કરવી પડી હતી.

હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે આ રિટમાં રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે. સાથે જ પ્રિ-સ્કૂલની વ્યાખ્યા સ્પષ્ટ કરવાનું પણ જણાવ્યું છે. ખંડપીઠે એમ પણ પૂછ્યું હતું કે નર્સરીથી પ્રવેશ આપવા માટેની કોઈ વ્યવસ્થા છે કે કેમ ? પરંતુ રાજ્ય સરકારે આ પ્રશ્નનો જવાબ આપવા માટે સમય માગતા હવે આ કેસની વધુ સુનાવણી ૧૩મી જૂનના રોજ રાખવામાં આવી છે.

# અમદાવાદ શહેરમાં નવમી સદીના ગ્રંથની અધ્યયન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં મહર્ષિ સિદ્ધર્ષિગણિ વિરચિત 'ઉપમિતિભવપ્રપંચા' અધ્યયન શિબિરનું આયોજન શ્રુત રત્નાકર ટ્રસ્ટ દ્વારા તા.૨૬મી મેથી તા.૨ જૂન સુધી આઈ.આઈ.ટી. હોલ, અમદાવાદ યુનિવર્સિટી, નવરંગપુરા ખાતે સવારે ૧૦.૩૦થી સાંજે ૪.૩૦ વાગ્યા સુધી યોજાશે. પ્રથમ દિવસે સવારે ૯.૩૦ વાગ્યે પ્રારંભ થશે.

જાણીતા વિદ્વાન જિતેન્દ્ર શાહે જણાવ્યું કે 'ઉપમિતિભવપ્રપંચા કથા અધ્યયન શિબિર' એ સાતમી શિબિર છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે, નવમી સદીનો આ અદભુત ગ્રંથ સંસ્કૃતમાં રચાયો છે. આ ગ્રંથનું અધ્યયન કર્યા બાદ જર્મન વિદ્વાન હર્મન જેકોબીએ ખૂબ જ પ્રશંસા કરી હતી. આ ગ્રંથમાં ૨,૫૦૦ પાત્રો છે. જ્યારે આ ગ્રંથ જે કોઈ વાચક વાચે છે ત્યારે તેને લાગે કે આ મારા જીવનની જ કથા છે.

# બે વર્ગની સ્કૂલમાં ત્રણ શિક્ષક હશે તો આચાર્ય નહીં મળે

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યની માધ્યમિક સ્કૂલોમાં હાલમાં આચાર્યની ભરતી અંગેની કાર્યવાહી ચાલી રહી છે, જેમાં હવે સ્કૂલ પસંદગીનો વિકલ્પ આપવાની કાર્યવાહી શરૂ થઈ છે. જોકે, આ કાર્યવાહી પહેલાં પસંદગી સમિતિએ કરેલા એક પરિપત્રને લઈને ગૂંચવાડો ઊભો થયો છે. જેમાં બે વર્ગ વાળી સ્કૂલો હોય એટલે કે ધોરણ-૯ અને ધોરણ-૧૦માં એક-એક જ વર્ગ હોય તેવી શાળાઓમાં જો ત્રણ શિક્ષક કામ કરતા હોય તો આચાર્ય મળશે નહીં તેમ જણાવ્યું છે. જેના પગલે હવે બે વર્ગની સ્કૂલો કે જ્યાં ત્રણ જ શિક્ષકો હોય તેમણે ત્રણ શિક્ષક રાખી આચાર્ય ન ભરવા અથવા તો એક શિક્ષકને ફાજલ કરી તેના સ્થાને આચાર્યને ભરવા અંગેનો સંમતિ પત્ર ડીઈઓને આપવાનું નક્કી કર્યુ છે.

રાજ્યની ૨૧૩૬ સ્કૂલોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં હવે અંતિમ તબક્કો શરૂ થયો છે. જેમાં આચાર્યોને શાળા પસંદગીનો વિકલ્પ ૧૬ મે સુધીમાં આપવાનો છે. બે વર્ગવાળી સ્કૂલોમાં જો ત્રણ શિક્ષકો કામ કરતા હોય તો આચાર્ય મળશે નહીં તે અંગેનો પરિપત્ર રાજ્ય પસંદગી સમિતિએ કર્યો છે. આ સંજોગોમાં અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહા મંડળના અગ્રણી ડો. પ્રિયવદન કોરાટે સંચાલકોને અનુરોધ કર્યો હતો કે, બે વર્ગવાળી સ્કૂલોમાં જો ત્રણ શિક્ષક કામ કરતા હોય અને આચાર્ય ભરવા માંગતા હોય તો એક શિક્ષકને ફાજલ કરી આચાર્યની ભરતી કરવી છે તે અંગેનો પત્ર ડીઈઓને રૂબરૂમાં આપી આવે. ઉપરાંત જો ત્રણ શિક્ષકો જ રાખવા હોય તો તે અંગેનો પત્ર ડીઈઓને આપવો પડશે.

# 'મહાજનો'ની ગાથા પર વેપારી મહાજન પુસ્તક તૈયાર કરશે

ગાંધીનગર, તા. ૧૪

અમદાવાદના જુદા જુદા વેપારી મહાજનો અને વેપારી સંગઠનો પોતાની વેપાર કુનેહની સાથે સાથે તેમની સેવાકીય પ્રવૃત્તિને લીધે પણ જાણીતા છે. માટે જ આવા મહાજનોના સમાજ સેવાની ગાથા ઉપર અમદાવાદ વેપારી મહાજન દ્વારા એક પુસ્તક તૈયાર કરવામાં આવી રહ્યું છે. શહેરના ૫૦-૭૫ અને ૧૦૦ વર્ષ જૂના આવા મહાજનોનું પુસ્તકના વિમોચન પ્રસંગે સન્માન પણ કરવામાં આવશે. પુસ્તકનો હેતુ વેપારીઓના એક બીજા પાસાને સમજ સમક્ષ રજૂ કરવાનો છે.

શહેરના તમામ વેપારીઓના એસો. અને મહાજનોને એક તાંતણે બાંધવાનું કામ અમદાવાદ વેપારી મહાજન કરી રહ્યું છે. વેપારી મહાજન દ્વારા ગયા વર્ષે અમદાવાદની એવી પેઢીઓ કે જેઓ એક સૈકાથી શહેરમાં વેપારી કરી રહી છે. તેવી પેઢીઓનું સન્માન કરાયું હતું. માર્કેટમાં ત્રાસ મચાવતી ચોર ટુકડીને માત કરનાર પોલીસકર્મીઓનું પણ સન્માન કરાયું હતું.

# ડિગ્રી ઈજનેરીમાં હવે ૨૮મી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાશે

ગાંધીનગર, તા. ૧૪

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે પીન વિતરણ અને રજિસ્ટ્રેશન માટેની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. હવે વિદ્યાર્થીઓ આગામી તા.૨૮મી મે સુધી પોતાનું રજિસ્ટ્રેશ કરાવી શકશે. પ્રવેશ સમિતિ દ્વારા નવો સુધારેલો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે..

ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે તા.૧૪મી મે સુધી જ રજિસ્ટ્રેશન કરાવી શકાશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ સેન્ટ્રલ બોર્ડના પરિણામ આવ્યા નથી. આ ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન બાકી હોવાની ફરિયાદ બાદ પ્રવેશ સમિતિ દ્વારા તારીખમાં વધારો કરાયો છે. નવી વ્યવસ્થા પ્રમાણે હવે વિદ્યાર્થીઓ તા.૨૮મી મે સુધી પીન અને બુકલેટ ખરીદીને રજિસ્ટ્રેશન કરાવી શકશે.

## શહેરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા


# સાબરકાંઠામાં સેવાકાર્યોની મહેક પ્રસરાવાઈ





ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સાબરકાંઠામાં ૧૦૪ વૃદ્ધોને ચોખા, ચશ્માં, બિસ્કીટ, ચ્હા તથા સ્લીપરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત શામળાજી વિસ્તારમાં સ્થિત ગોઢ મુકામે ૬ ગામોનાં ૬૪ વૃદ્ધાને ૩ કિગ્રા ચોખા, બિસ્કીટ પેકેટ, ચ્હા તથા ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સદ્રેશ્વર મહાદેવ પાસે ૪ ગામોનાં ૬૪ વૃદ્ધાને ચોખા, બિસ્કીટ અને સ્લીપરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા વતી મિલિન્દભાઈ, યોગેશભાઈ, મહેતાભાઈ અને નિલેન્દુભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.

# સમસ્યાનો ઉકેલ લાવવાને બદલે તેની આજુબાજુ ફર્યા કરવાનો કોઈ અર્થ નથી



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ખૂબ અંદર બહાર જીવ્યો છું
ઘુંટે ઘુંટે ચિક્કાર જીવ્યો છું
હું ય વરસ્યો છું ખુબ જીવનમાં
હું ય બહુ ધોધમાર જીવ્યો છું
બાગ તો બાગ સુર્યની પેઠે
આગમાં પુરબહાર જીવ્યો છું
આમ 'ઘાયલ' હું અદનો શાયર, પણ
સર્વથા શાનદાર જીવ્યો છું

સમસ્યાઓ સામે મુકાબલો કરવાના સામર્થ્યના ભાવને બળુકો બનાવવાની વાત આવે ત્યારે ઘાયલ સાહેબની આ અમર રચના યાદ આવ્યા વગર ન રહે. સમસ્યાઓ જીવનનું અભિન્ન અંગ છે. જીવનના પ્રત્યેક પડાવ ઉપર એક નવી સમસ્યા જડબુ ફાડીને ઊભી જ હોય. સમસ્યાનું સ્વરૂપ મનઃસ્થિતિ ઉપર અવલંબિત હોય છે. કોઈ વાર મોટી સમસ્યા ગુડ મુડમાં ખુબ નાની લાગે અને કોઈ વાર નાની અમથી મુશ્કેલી પહાડ જેવી ભાસે. નાની કે મોટી સમસ્યાનો સામનો માણસ એની કલ્પનાશક્તિ, સંગઠનની તાકાત અને દ્રઢનિશ્ચયથી કરતો હોય છે.

ક્યારેક તો ખૂબ મોટી સમસ્યાઓ વિચાર્યું ન હોય એવા નાના અને સરળ માર્ગે હલ થઈ જતી હોય છે. જિંદગીના દરેક વળાંક ઉપર એક નવું યુદ્ધ છે. જીવન જો જંગ છે, તો મક્કમતાથી એનો મુકાબલો કરવાનો છે. જંગ જીતવાનો છે. યુદ્ધમાંથી પીઠ બતાવી કાયરની જેમ ભાગવાનું નથી. જીવનમાં સમસ્યાઓ તો આવે જ આવે. સમસ્યા વગરનું જીવન નિરસ અને બેસ્વાદ લાગે.

નોર્વેના એક ગામની વાત છે. ચારે બાજુ પહાડોની તળેટીમાં આ ગામ આવેલું છે. અહીં છ-છ મહિનાઓ સુધી સૂર્ય પ્રકાશ જ ન આવે. ગામના લોકો આ મુશ્કેલી સામે ઝઝુમ્યા. એમણે ગામ ખાલી કરી પહાડોની પેલે પાર વસવાના પલાયનવાદની જગાએ પહાડો ઉપર વિશાળ કદના અરીસા એવી રીતે ગોઠવી દીધા કે, ગામમાં સૂરજદાદાની રોશનીનો પ્રશ્ન કાયમી ધોરણે હલ થઈ ગયો. આ વાત કંઈ બહુ પુરાણી નથી, હજુ વર્ષ ૨૦૧૩માં જ જબરજસ્ત સંગઠનશક્તિથી આ સમસ્યાનું સમાધાન નોર્વેના ટચુકડા ગામે શોધી કાઢ્યું. બોલો, કેવડી મોટી સમસ્યાનો કેટલો સરળ ઉકેલ !



સામાન્ય રીતે સમસ્યા ત્યાં સુધી જ સમસ્યા બનીને વિકરાળ લાગતી હોય છે, જ્યાં સુધી એને સમસ્યા તરીકે જોવાય. તાજેતરમાં વર્ષ ૨૦૧૨માં જિમ્બાબ્વેના બુલવાયો શહેરની અજીબો ગરીબ સમસ્યાનો ત્યાંના લોકોએ હસતા ખેલતા મુકાબલો કર્યો. બુલવાયો શહેરની પાણીની પાઈપ લાઈન જામ થઈ ગઈ. ત્યાં સતત દુષ્કાળ અને પાણીની તકલીફોના કારણે આખા શહેરની પાઈપ લાઈનોની સફાઈ થઈ શકતી ન હતી. આ પાઈપલાઈન સિવાય પાણી માટે બુલવાયો શહેરમાં અન્ય કોઈ વિકલ્પ પણ વિચારી શકાતો ન હતો. શહેરમાં પાણીની અત્યંત વિકટ પરિસ્થિતિ થઈ ગઈ. બુલવાયો આખા શહેરના લોકોએ આ મુશ્કેલીમાંથી ઉગરવા એક નિશ્ચિત દિવસે સાંજે ૭.૩૦ વાગે એક સાથે ટોઅયલેટનું પાણી ફ્લશ કરવાનો નિર્ણય કર્યો. શહેરના બધા જ લોકોએ એક સાથે મુક્કરર કરેલા દિવસે અને સમયે ફ્લશ કર્યુ. અને ચમત્કારિક પરિણામ મળ્યું. જામ પાઈપલાઈન પાણીના ફોર્સથી ખુલી ગઈ.

સમસ્યાથી ડરી જઈને સંતાઈ જવાનો સૌથી આસાન માર્ગ છે. સમસ્યાથી ડરવાવાળાના હાથ હંમેશા ખાલી રહે છે. મુશ્કેલી સામે બાથ ભીડનારાને માર્ગ મળે છે. ભારતમાં ગંગા કિનારાના એક ગામના માછીમાર ભાઈઓની બહુ પ્રચલિત કહાની છે. આ માછીમારો જ્યારે માછલી પકડવા બોટમાં જતા તો રોજ એક વાઘ પાછળથી તરાપ મારી એક-બે માછીમારોને ઉપાડી જાય. માછીમારોએ આ મુશ્કેલીથી છૂટકારો મેળવવા અભ્યાસ કર્યો. એમને લાગ્યું કે વાઘ પાછળથી જ હુમલો કરે છે. એટલે એમણે માછલી પકડવા જતા બોટમાં બેસતા માથામાં પાછળના ભાગે માસ્ક પહેરવાનો શરૂ કર્યો. અને વાઘને લાગતું કે માછીમારોની નજર એની ઉપર જ છે. આશ્ચર્યજનક રીત વાઘના હુમલા નહીંવત થઈ ગયા. કેટલો સરળ છતાં મક્કમ મુકાબલો.

સારા દિવસો માટે હંમેશા ખરાબ દિવસોમાં મુશ્કેલીઓ સામે લડવાનું હોય છે. ફરિયાદો કરીને મુશ્કેલીઓથી બચી ન શકાય. મુશ્કેલીઓને હળવી કરવા માટે જવાબદારી ઉપાડવી પડે. નેધરલેન્ડમાં રાત્રિના સમયે અંધારામાં સાયકલીંગ કરવાનો બહુ મોટો પ્રશ્ન હતો. આમ પણ નેધરલેન્ડમાં લોકોને સાયકલ ચલાવવાનો જબરો શોખ. ત્યાંના સત્તાવાળાઓએ માર્ગ ઉપર ચમકીલા પથ્થરો બેસાડ્યા. આ પથ્થરો દિવસે સૂર્ય પ્રકાશથી ચાર્જ થાય અને રાત્રે માર્ગ ઉપર સુંદર રોશની આપે. લોકોને પથ્થરોની રંગબેરંગી રોશનીમાં સાયકલીંગ કરવાની મજા પડવા લાગી. હવે આ માર્ગને 'સ્માર્ટ હાઈ વે' તરીકે નેધરલેન્ડમાં લોકો ઓળખે છે.

કહેવાય છે ને કે, મુશ્કેલી એ કેવળ સક્ષમ અને યોગ્ય વ્યક્તિઓના દ્વારે જ દસ્તક દેતી હોય છે કારણ એને ખબર હોય છે કે, આ મજબુત લોકો જ સમસ્યાનું ઉત્તમ રીતે સમાધાન મેળવી શકતા હોય છે. આમ પણ સમસ્યાઓનું કોઈ માપ કે કદ હોતું નથી. સમસ્યા તો હલ કરવાની ક્ષમતા ઉપરથી તે નાની કે મોટી પુરવાર થતી હોય છે. તત્વચિંતક રોબર્ટ કિઓસ્કીના મતે પ્રત્યેક સમસ્યા પાછળ એક અવસર પડેલો હોય છે. સમસ્યાના પડદાને ચીરીને અવસરને ઝડપવાનો હોય છે. જીવનમાં મુશ્કેલીઓની જરૂર છે. જો મુશ્કેલી છે તો તેને હલ કરીને સફળતા મેળવવાનો આનંદ છે. કાળી ડિંબાંગ રાત્રી છે, તો સવારના સોનેરી કિરણોની કિંમત છે. જો સમસ્યાનો હલ આવે એમ છે તો ચિંતા કરવાની જરૂર જ નથી અને જો સમસ્યાનો કોઈ હલ તમારી પાસે છે જ નહીં તો નકામી ચિંતા કરવાનો કોઈ અર્થ જ નથી.

મોટા ભાગના લોકો સમસ્યાના સમાધાન મેળવવાના પ્રયત્નો કરતા સમસ્યાની આજુબાજુ ચકરાવા મારવામાં સમય વધુ બગાડતા હોય છે. સમસ્યા માણસના મનમાં ક્યારેય હોતી જ નથી સમસ્યા તો માણસની માનસિકતા છે. સમસ્યાનો ઉકેલ લાવવાને બદલે તેની આજુબાજુ ફરવાનો કોઈ અર્થ નથી. માનસિકતા કેળવવી પડે. મુશ્કેલીને મહેબુબા સમજી એનો માર્ગ કાઢવામાં શાણપણ છે.

**ધબકાર**

સમસ્યા ત્યારે જ વિકરાળ બને છે જ્યારે તેને કંદોરે બાંધીને જોડે જોડે ફેરવવામાં આવે.